**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા અધિક સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મુકામ: નવરંગપુરા, અમદાવાદ.**

**ક્રિમીનલ રીવીઝન અરજી નં.પર/૨૦૨૬**

**આંક: ૫**

**અરજદાર:–** **અભિષેક મુકેશ લોહાર**
ઉ.વ.૩૩, ધર્મે–હિન્દુ,
રહે. વ્યાસ મોહલ્લા, રેલ મગરા,
જી.રાજસમન્દ, રાજસ્થાન.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **શ્રી સરકાર**

**બાબત:–** **<u>બી.એન.એસ.એસ.ની કલમ– ૪૩૮ રીવીઝન અરજી.</u>**

---

અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી એમ.એમ.શેખ
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રિવેદી

---

**<u>–: ચુ કા દો :–</u>**

૧. અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. એડી. જયુ. મેજી. ફ. ક. સાહેબની કોર્ટ સમક્ષના બોડકદેવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૬ ૨૫૦૨૩૮/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઈ), ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) ના કામે ક્રિ.પ.અ.નં.૭૮૩/૨૦૨૬ ની દાખલ કરી, કાર છોડાવવા માટે અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ– ૪૩૮ અન્વયે અરજી ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલ, જે અરજી નામદાર જયુડી.મેજી.સાહેબશ્રીએ તા.૩૦/૦૧/૨૦૨૬ નારોજ નામંજુર કરેલી તે હુકમથી નારાજ થઈને

અરજદારે હાલની રીવીઝન અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ અન્વયે દાખલ કરેલ છે.

૨. હાલની રીવીઝન અરજી તરફ દોરી જતી ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારની માલિકીની મારૂતી સુઝુકી કંપનીની બલેનો કાર જેનો આર.ટી.ઓ. નં. આર.જે.૩૦ સી.બી.૭૮૬૫,બોડકદેવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૬ ૨૫૦૨૩૮/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ– ૬૫(એ), ૬૫(ઈ), ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) ના કામે કબજે કરેલ જે છોડાવવા માટે અરજી કરેલી, જે નામદાર ટ્રાયલ કોર્ટે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ અને જણાવેલ કે, દારૂની માત્રા વધારે છે. સદર વાહનમાં ૨૦ લીટર કરતા વધુ દારૂ વેચાણ માટે મળેલ હોવાથી તબદિલી અધિનિયમની કલમ–૯૮ પેટા કલમ(૨)ની જોગવાઈ અનુસાર સરકાર દાખલ થવાને પાત્ર થશે. જેથી સદર જોગવાઈ અનુસાર સદરહુ મુદામાલ વાહન અરજાદરને પરત સોંપવાનો હુકમ કરવાની હકુમત અત્રેની કોર્ટને રહેલ નથી. જે કારણસર નામંજુર કરેલ હોય તેનાથી નારાજ થઈ અરજદાર તરફે હાલની રીવીઝન અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે.

૩. હાલની રીવીઝન અરજીના કામે અરજદાર તરફે તેઓના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.ડી.જી.પી. શ્રીને સાંભળ્યા.

૪. આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીની એવી રજુઆત છે કે, સદર વાહન અરજદારના નામનુ છે, સદરહુ મુદામાલની માલિકી માટે અરજદાર સિવાય અન્ય કોઈ કલેઈમેન્ટ નથી. સદરહુ મુદામાલ કફોડી

હાલતમાં પડેલ છે. સદર કામે તપાસ મહદઅંશે પૂર્ણ થઇ ગયેલ છે. અરજદારે સદરહુ વાહન જાતે અન્ય કોઇ ગુન્હાહિત પ્રવૃત્તિમાં વાપરેલ નથી. નામદાર જયુ.મેજી.સાહેબશ્રીએ અરજદારની અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજોને યોગ્ય રીતે ધ્યાને લીધા વગર હુકમ કરેલ છે જેથી નામદાર જયુડી.મેજી. સાહેબશ્રીનાઓએ કરેલ હુકમ ક્ષતિયુકત ભુલ ભરેલો ખામીવાળો છે તે સંજોગોમાં અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૫. સામાવાળા સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રીએ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે બોડકદેવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૬ ૨૫૦૨૩૮/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ- ૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) ના ગુન્હા સબબ વાહન પકડેલ છે તે વાહનમાં ૨૦ લીટરથી વધારે દારૂ ભરેલ હોય પકડેલ છે અને બોડકદેવ પો.સ્ટે. માં સુરક્ષિત જગ્યાએ પડેલ છે તેમજ ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ- ૯૮(૨) ની જોગવાઇ ધ્યાને લઇ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

૬. આ કામના અરજદારની દલીલ, સરકારી વકીલશ્રીની દલીલ તેમજ કાયદાકીય જોગવાઇ અને ટ્રાયલ કોર્ટના હુકમને ધ્યાને લીધો. બી.એન.એસ.એસ. ની કલમ- ૪૩૮ હેઠળ રીવીઝનમાં આ કોર્ટને જયારે કોઇ હુકમ સંપૂર્ણપણે કાયદાથી ખોટો, ગેરકાયદેસરનો હોય તેવું જણાય ત્યારે આવો હુકમ હસ્તક્ષેપને પાત્ર ન્યાયોચિત જણાય તો જ રીવીઝન અદાલત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે તે કાયદાની જોગવાઇ ધ્યાને લીધી. આ કામે વિ. ટ્રાયલ કોર્ટે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ- ૯૮(૨) ની જોગવાઇ કે જેમાં કોઇપણ અદાલતને કબજે લીધેલ મુદામાલ છોડાવવાની સત્તા નથી તેવું જ ઠરાવ્યું છે તે કાયદાની કલમથી સ્પષ્ટ હોય, અરજદાર તરફે

જે નામદાર વડી અદાલતનો ચુકાદો રજુ થયેલ છે તે બંધારણીય અનુચ્છેદ અન્વયેનો હુકમ હોય, આ કોર્ટને તેમ કરવાની સત્તા ન હોય તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટનો હુકમ સંપૂર્ણપણે કાયદાકીય જોગવાઈથી કરેલ હુકમ હોય તે સંજોગોમાં આ હુકમમાં ફેરફાર કરવા કોઈ યોગ્ય કે ન્યાયોચિત કારણ રીવીઝનકર્તા દર્શાવી શકયા ન હોય તે સંજોગોમાં આ રીવીઝન હેઠળ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો વ્યાજબી અને ન્યાયોચિત હુકમ કરવામાં આવે છે.

**:– હુકમ – :**

(૧) અરજદારની હાલની રીવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) વિ.ટ્રાયલ કોર્ટે બોડકદેવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૬ ૨૫૦૨૩૮/૨૦૨૫, ક્રિ.પ.અ.નં.૭૮૩/૨૦૨૬ ના કામે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૩) આ હુકમની જરૂરી યાદી સંબંધિત વિ.ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજ તા.૨૪ મી માહે માર્ચ, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૪/૦૩/૨૦૨૬

**( દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા અધિક સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ
Code No. GJ-0612

યુ.એ.પંડયા